Succcess મંત્ર

# સંગીતનો નાનો જાદુગર: 10 ઈન્સ્ટ્રુમેન્ટ વગાડવામાં માહિર સુરતનો 'વંશ'



વંશ આ 10 ઇન્સ્ટ્રુમેન્ટ વગાડે છે

01. ઓક્ટોપેડ 02. ડ્રમ 03. તબલા 04. ઢોલક 05. કચ્છી ઢોલ 06. ક્લેપબોક્સ 07. જેમ્બે 08. દરબુકા 09. કોંગો 10. બોંગો

કોઈ એક નાનું સરખું બાળક જો સંગીતના વાદ્યો શીખતો હોય ત્યારે તે કોઈ એક ઈન્સ્ટ્રુમેન્ટ કે બહુ બહુ તો બે કે ત્રણ ઈન્સ્ટ્રુમેન્ટ્સ શીખી શકે કે વગાડી શકે પણ તમે 16 વર્ષના વંશ ઠક્કર કે જે હાલમાં 11માં ધોરણમાં ભણે છે તેને જોશો તો મોમાં આંગળા નાખી જશો કેમકે, વંશ એક કે બે કે ત્રણ નહીં પણ દસ દસ પ્રકારના સંગીતના વાદ્યો વગાડી શકે છે. પહેલા ધોરણનું બાળક આમ તો રમકડાં સાથે રમતું હોય પણ વંશ તો ત્યારે ડ્રમ વગાડવામાં માહિર બની રહ્યો હતો. જેમ જેમ સંગીતનું નોલેજ વધતુ ગયું તે વિવિધ ઈન્સ્ટ્રુમેન્ટ પર પોતાના હાથ અજમાવતો ગયો અને 4થી 5 વર્ષમાં તે 10 વાદ્યો વગાડવા લાગ્યો. આઠમાં ધોરણમાં તો તેની આ આર્ટિસ્ટિક સેન્સથી અર્નિંગ પણ કરવા લાગ્યો. સ્કૂલમાં ફેરવેલ ફંકશન હોય, એન્યુઅલ ફંકશન હોય કે પછી રોજ સ્કૂલની પ્રેયર મીટ હોય વંશ વિવિધ ઈન્સ્ટ્રુમેન્ટ વગાડી સ્કૂલમાં સંગીતમય વાતાવરણ ઉભું કરી દે. ચાલી આપણે વંશના ટેલેન્ટ વિશે જાણીએ...

## બે ઇન્સ્ટ્રુમેન્ટ સિવાયના 8 ઇન્સ્ટ્રુમેન્ટ ઈન્ટરનેટ પર જોઈને વગાડતા શીખ્યો

વંશ મ્યુઝીક ક્લાસમાં ઓક્ટાપેડ અને ડ્રમ વગાડતા શીખ્યો હતો, જ્યારે બાકીના ઇન્સ્ટ્રુમેન્ટ જેમકે, તબલા, ક્લેપબોક્સ, બોંગો, કોંગો, દરબુકા, જેમ્બે ઈન્ટરનેટ પર યુ-ટ્યુબ પર જોઈ જોઈને શીખ્યો. તેની પાસે દરબુકા, જેમ્બે અને બોંગો આ ઇન્સ્ટ્રુમેન્ટ નથી તો તે ઈન્ટરનેટ પર આ ઇન્સ્ટ્રુમેન્ટ કઈ રીતે વગાડે છે તે જોતો અને પછી સ્કૂલના ઇન્સ્ટ્રુમેન્ટ પર તે વગાડવાની પ્રેક્ટિસ કરતો હતો.

## આઠમા ધોરણથી ઇવેન્ટ્સમાં ઇન્સ્ટ્રુમેન્ટ વગાડી અર્નિંગ શરૂ કર્યું

વંશ અલગ અલગ ઇન્સ્ટ્રુમેન્ટ વગાડતો તેના પેરેન્ટ્સ વીડિયો બનાવીને તેમના મોબાઈલ ફોનના સ્ટેટ્સમાં મુક્તા અને ઓળખીતાઓને પણ આ વિશે વાત કરતા તથા તેના મ્યુઝીક ક્લાસના ટીચર પણ રેકમન્ડ કરતાં. આઠમા ધોરણમાં ગરબાના એક ક્લાસમાં ક્લેપબોક્સ વગાડીને એક હજાર રૂપિયાનું અર્નિંગ કર્યું હતું. તે વેસ્ટર્ન બોલીવુડ અનપ્લગમાં, કેફેઝ શોમાં, બેબીશાવર ફંક્શન, લોકડાયરો, નવરાત્રી, બર્થડે પાર્ટી, ભજન, કથા, શ્રદ્ધાંજલિ વગેરે પ્રોગ્રામમાં ઓક્ટાપેડ, ઢોલક, તબલા વગેરે ઇન્સ્ટ્રુમેન્ટ વગાડીને અત્યારથી જ કમાવવા લાગ્યો છે. તે અઠવાડિયામાં એક કે બે પ્રોગ્રામ કરે એટલે મહિને 18થી 20 હજાર રૂપિયા સુધી અર્નિંગ કરી લે છે. વંશને તેના ફાધરે 60 હજાર રૂપિયાનું ઓક્ટાપેડ લઈ આપ્યું હતું. બાકીના 7 ઇન્સ્ટ્રુમેન્ટ વંશે જાતે પોતાની કમાણીના પૈસામાથી વસાવ્યા.

## પહેલા ધોરણમાં રમકડાના ડ્રમથી ઇન્ટરેસ્ટ જાગ્યો, તબલા શીખવું હાર્ડ લાગ્યું



10 પ્રકારના મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ વાદ્ય વગાડી શક્તા 16 વર્ષના વંશે જણાવ્યું કે નાનો હતો. ત્યારે મમ્મી-પપ્પાએ રમકડાનું ડ્રમ લાવી આપ્યું હતું તે વગાડતો ત્યારે મારા ડેડી અલ્પેશભાઈ ઠક્કરને લાગ્યું કે હું સંગીતના વાદ્ય વગાડી શકીશ. તેઓ પોતે પણ શોખથી ઢોલ અને ડ્રમ્સ વગાડે છે એટલે તેમણે મને આ વાદ્યો વગાડતા શીખવાડવાનું શરૂ કર્યું. બીજા ધોરણમાં હતો ત્યારે મને મ્યુઝીક ક્લાસમાં મુક્યો. એકોસ્ટિક ડ્રમ્સ સેટ જેમાં ડ્રમ્સ હોય અને સિમ્બલ હોય તે પ્રોપર વગાડતા શીખ્યો. કોવિડ બાદ બીજા ઈન્સ્ટ્રુમેન્ટ વગાડવાનું જાતે શીખ્યો. મને ઓકટાપેડ કરતા તબલા શીખવાનું અઘરું લાગ્યું હતું કેમકે હું અંગ્રેજી માધ્યમમાં ભણું છું અને તબલાના તાલના નામ ગુજરાતીમાં આવે. જ્યારે તે શરૂઆતમાં શીખવા લાગ્યો અને પ્રેક્ટિસ કરતો ત્યારે તેના હાથ બહુ દુ:ખતા અને ઝડપી ગતિથી નહીં ચાલતા. તે વિવિધ ઈવેન્ટ્સમાં પોતાના ફ્રેન્ડ્સ સાથે ઈન્સ્ટ્રુમેન્ટ્સ વગાડવા પણ જાય અને ક્યારેક ફ્રી લાન્સિંગ પણ કરે છે. તે બહાર ગયો હોય ત્યારે તે સ્ટડી ચુકી ના જવાય તે માટે ફ્રેન્ડ્સ અને ટીચર સપોર્ટ કરે છે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**





## કેમ કરીને જવાશે વાહનોમાં, જ્યાં અમી છાંટણાએ પડી જાય છે ખાડાઓ શહેરમાં...

કેવો બનાવે છે રસ્તો આ પાલિકા કે પડે છે ખાડા છાંટા વરસાદમાં, હવે તો કેમ કરીને નીકળવું રસ્તા પર જ્યાં ફસાઈ જાય છે વાહનો ખાડામાં... હજુ જામ્યું નથી અને નથી ટ્રેલર પણ આવ્યું ચોમાસાનું, પણ બેસી રહી છે ટ્રેન્ચ કારણ કે રાજ છે ભ્રષ્ટાચારનું... પાણી ભરાવા કે પછી ગટરો ઉભરાવવી, એ છે સામાન્ય ઘટનાક્રમ, રસ્તાના કામોમાં રખાય છે બેદરકારી અને તેમાં છે આપણો પ્રથમ ક્રમ... આપીને મત અને સાથે રસ્તા અને મિલકતોનો વેરો, પિસાય રહી છે જનતા અને સમસ્યા ઘાલે છે ઘેરો... પાણી કે ડ્રેનેજની લાઈનો નાંખ્યા બાદ નથી થતું પુરાણ કે વોટરિંગ, બસો ફસાય રહી છે અને કરવું પડે છે આ ટોલરિંગ... સમય થઈ રહ્યો છે ચોમાસાના જામવાનો અને જીવન બચાવવા લોકોએ સાવચેત થવાનો, જો નહીં સંભાળવામાં આવે વાહનો તો જોખમ છે જીવના જવાનો... એ જ અરજ છે કે જવાબદારો સમજે, નહીં તો લોકો આપશે જવાબ તો કોઈને નહીં ગમશે...

**સુરત બંદર મુબારક તરીકે આખા જગતમાં જાણીતું હોવાથી અહીંથી મોગલોને ખૂબલક આવક પણ થતી અને એટલે જ અહીં સ્થપાવામાં આવ્યો હતો ફૂરજો; જે હતી સૂરતની સૌપ્રથમ સત્તાવાર કસ્ટમ ઓફિસ... જાણો કેવી રીતે એ કસ્ટમ ઓફિસમાં કામ થતું અને કેવી રીતે અહીં આવતા દરેક જહાજે પોતાનો માલ જાહેર કરવો પડતો અને કેટલી આવક થતી અને કેવી રીતે એ આવકને સૂરતની ટંકશાળમાં જમા કરાવવામાં આવતી તેમ જ ટંકશાળમાં સિક્કાઓ પર શું લખેલું જોવા મળતું...**

# સૂરતની પહેલી કસ્ટમ ઓફિસ : ફૂરજો



ઘંટા ઓવારો : જ્યાં હજુ પણ ઘંટ લટકે છે

વિસરાયેલો વારસો
તાપી તટે ભીંજાયેલો ભૂતકાળ
વિમ્મી વિષ્ણુ ચેવલી

સૂરતનો બંદર તરીકે વિકાસ થતાં અહીં દેશદેશાવરથી વેપારીઓ પોતાનો માલ વેચવા અને ખરીદવા આવતા. એક સમયે તો એવું હતું કે દુનિયાની એવી કોઈ વસ્તુ ન હતી જે સૂરતની બજારોમાં ન મળે. સૂરત બંદર તરીકે તો જાણીતું હોવાથી મોગલોએ અહીં સૂરતની સૌથી પહેલી કસ્ટમ ઓફિસ નાંખી હતી, જે કહેવાતી હતી ફૂરજો... આ ફૂરજો સૂરતના કિલ્લાની ઉત્તર બાજુ સ્થાપવા આવ્યો હતો. આ ફુરજાનો કસ્ટમ ઓફિસર દાણિયો કહેવાતો. અહીં આવતા દરેક માલને ફુરજા ઓવારે જાહેર કરવો પડતો. તાપી કિનારે જેટલા પણ વહાણ આવતા તેણે આ ફુરજા પર પોતાના માલની નોંધણી કરાવવી પડતી.

ફૂરજા ઓવારો ઈ.સ. ૧૬૨૫માં બનાવવામાં આવ્યો હતો અને ત્યાં એક ઘંટ લટકાવવામાં આવતો, જે દરેક નવા આવતા વહાણની ઘોષણા કરતો. આ વિશાળ ઘંટની નીચે જ મોગલ બાદશાહનાં ફરમાન વાંચવામાં આવતા. આજે પણ ત્યાં મોગલ સમયની યાદ તાજી કરતો ઘંટ રહેવા દેવામાં આવ્યો છે અને એટલે જ આ ઓવારો ફુરજા ઓવારા કરતા 'ઘંટા ઓવારા' તરીકે વધુ જાણીતો છે. ગૂગલ પર તમે સર્ચ કરો તો ઘંટા ઓવારો જ દર્શાવશે. ફુરજા અને તેની સાથે જોડાયેલો ભવ્ય ભૂતકાળ ક્યાંય ભૂંસાઈ ગયો છે. ફુરજામાં હાલ સુરત પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ઓફીસ આવેલી છે.

**ફૂરજા ઓવારો પાસે એક ઘંટ લટકાવવામાં આવતો, જે દરેક નવા આવતા વહાણની ઘોષણા કરતો. ઘંટની નીચે જ મોગલ બાદશાહનાં ફરમાન વાંચવામાં આવતા. આજે પણ ત્યાં ઘંટ રહેવા દેવામાં આવ્યો છે. આ ઓવારો ફુરજા ઓવારા કરતા 'ઘંટા ઓવારા' તરીકે વધુ જાણીતો છે**

સૂરતનાં ફૂરજામાં આવતા દરેક વ્યક્તિની તપાસ થતી. સામાન્ય માલ પર સાડા ત્રણ ટકા અને સોના-ચાંદી પર બે ટકા જકાત લેવામાં આવતી. દરેક માલની નોંધણી અને પૂરતી તપાસ પછી જ માલ આગળ લઈ જવાની પરવાનગી મળતી. આ બધા માટે પંદરેક મિનિટ જેટલો સમય લાગતો છતાં વ્યાપારીઓ ધીરજપૂર્વક રાહ જોતા એવી નોંધ ફ્રેંચ ટ્રાવેલર થેવેનોએ કરી છે. ઘણા વેપારીઓ કપડામાં અને સામાનમાં સોના-ચાંદી છૂપાવીને લાવતા. પણ એ માટે કોઈ સજા થવાની નોંધ નથી મળતી. તેઓ કસ્ટમ ઓફિસરને વધારાની જકાત ચૂકવી એ છોડાવી શકતા. જે મોટા વહાણો તાપી નદીનાં મુખ સુધી ન આવી શકતા તેઓ નાની હોડીઓ લઈને તાપી કિનારે આવી કસ્ટમ ઓફિસરને જાણ કરતા અને ઓફિસર એ હોડીમાં બેસી વહાણ પર જઈ જાતે માલની તપાસ કરતા; પણ એ માટે નિરીક્ષકને અઢાર પૈસા ફી ચૂકવવી પડતી.

સોના-ચાંદીની આયાત અને જકાતનો હિસાબ થતા ટંકશાળનો ઉપરી તેના સિક્કા પડાવી આપતો. અંગ્રેજો અને વલંદાઓ પાસે ઓછી જકાત લેવાતી પણ તેઓ મોગલોને ભેટ-સોગાદો આપી રાજી રાખતા એટલે બધું સરભર થઈ જતું.

મોગલ બાદશાહ અકબરે અહીં સૂરતમાં ટંકશાળ સ્થાપી હતી. (ટંકશાળ એટલે જ્યાં સોના,ચાંદી તાંબાના સિક્કાઓ બનાવવામાં આવતા.)પણ, સૂરતે ટંકશાળ તરીકે અગત્યનું સ્થાન તો જહાંગીરના સમયમાં ધારણ કર્યું. શાહજહાંના સમયથી એ ગુજરાતની પ્રધાન ટંકશાળ બની ગઈ હતી. સૂરત ટંકશાળમાં ત્રણે ધાતુ એટલે સોના, ચાંદી અને તાંબામાં સંખ્યામાં સૌથી વધુ સિક્કા ઔરંગઝેબના સમયના છે. એના રાજ્યકાળનાં ભાગ્યે જ કોઈ વર્ષ હશે જેમાં ચાંદીનાં સિક્કા ન મળ્યા હોય. આ સિક્કાઓ પર ટંકશાળનાં નામમાં સૂરત સાથે "બંદર મુબારક" ઉપનામ અને હિજરી વર્ષ કે જે સાલમાં એ સિક્કા બનાવવામાં આવ્યા છે તે લખાણ જોવા મળે છે. ઔરંગઝેબના સમયનું તાંબાનું નાણું બે ભાતનું છે: જેમાં એક પર 'ફૂલુસે ઔરંગઝેબશાહી એટલે કે ઔરંગઝેબનો પૈસો'; બીજા પર 'જુલુસે મુબારક સના એટલે કે શુકનવંતુ રાજ્યારોહણ વર્ષ ફલાણું' એ મતલબનું લખાણ ટંકશાળનાં નામ અને વર્ષ સાથે જોવા મળે છે.

વારસાની વરિયાળી

**એક સમયે સૂરતના કિલ્લા પર ત્રણ ધ્વજ ફરકતા : મોગલોનો, અંગ્રેજોનો અને મરાઠાઓનો... એટલે સૂરતની કસ્ટમ આવકનાં પણ ત્રણ ભાગ પડતા.**




# વટ સાવિત્રી

## સુરતની નારીઓ આધુનિક વિચારોની સાથે પરંપરાગત વ્રત ઉજવશે

**સુરતની યુવતીઓની વિચારસરણી ઘણી આધુનિક બની છે. જોકે, જ્યારે વ્રત તહેવારની વાત આવે તો મોટાભાગની જૂની પરંપરાઓને વળગી રહેવામાં આવે છે એમાં થોડા ઘણા પરિવર્તન સમય સંજોગો પ્રમાણે થાય છે. પહેલાની સુરતી મહિલાઓ વટ સાવિત્રીનું વ્રત હોય તો આખા દિવસમાં કોઈ એક ફ્રુટ જ ખાતી હતી અને કઠોર વ્રત કરતી હવે સ્ત્રી કામકાજી બની છે તે ઘરની બહાર નોકરી પર જતી હોય અને ઘરના કામો પણ કરતી હોય તો તેને એનર્જી મળી રહે તે માટે કોઈ એક જ ફ્રૂટ બે થી ત્રણની સંખ્યામાં ખાઈને વ્રત કરતી હોય છે. હવે વડની સંખ્યા ઓછી થઈ ગઈ છે તો કુંડામાં ઉગાડેલા વડની પૂજા કરવાનું ચલણ જોવા મળે છે. પૂજા વિધિ પણ ઓનલાઈન શીખે છે. વટ સાવિત્રી વ્રતની પૂજામાં હવે બીજા શું નવા ટ્રેન્ડ જોવા મળી રહ્યાં છે? તેને આ લેખના માધ્યમથી જાણીએ...**

### હવે તો ઘરમાં જ બોન્સાઇ વડની પૂજા કરવાનો ટ્રેન્ડ

શહેરના દરેક એરિયાની સોસાયટી, ગલી કે શેરી નજીક વડનું વૃક્ષ ના પણ હોય એટલે વટ સવિત્રીની પૂજા થઇ શકે તે માટે સુરતના કેટલાક ઘરોમાં વડનું બોન્સાઇ પ્લાન્ટ ઉછેરવામાં આવે છે. ઘરની મહિલાઓ તો ખરી જ પણ સોસાયટી કે એપાર્ટમેન્ટની મહિલાઓ બોન્સાઇ વડ જેમના ઘરમાં હોય ત્યાં વડ પૂજન કરતી હોય છે. આ બોન્સાઇ વડની સારી રીતે સજાવટ કરી સુહાગન મહિલાઓ પૂજા કરતી હોય છે.




### ઓનલાઈન વટ સવિત્રીની કથા સાંભળે

વટ સાવિત્રી વ્રત દરમિયાન ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાના માધ્યમથી ઓનલાઈન કથા સાંભળવાનું ચલણ વધતું જઈ રહ્યું છે. ખાસ કરીને કામકાજી મહિલાઓમાં આ ચલણ વધારે જોવા મળે છે કેમકે, તેમને ઘરના કામો પતાવીને નોકરીના સ્થળે જવાનું હોય. ઉપરાંત જે સ્ત્રીઓ વડના વૃક્ષ પાસે જવા માટે અસમર્થ હોય કે ઘરની નજીક વડનું વૃક્ષ ના હોય તો તેઓ પણ ઓનલાઈન કથા સાંભળી વ્રત કરતી હોય છે. વટ સવિત્રીની કથા હવે યુ-ટ્યુબ પર વધારે લોકપ્રિય છે. યુ-ટ્યુબ પર કથાનું સંપૂર્ણ વર્ણન થાય છે. ઓનલાઈન વટ સાવિત્રીની વાર્તા પણ ઘણી સુરતી મહિલાઓ સાંભળે છે અને પૂજા વિધિ મોબાઈલ એપ અને સોશ્યલ મીડિયાના માધ્યમથી શીખે છે.



### બાંધણી સાડી, ગજરા અને એથનીક જવેલરીની ડિમાન્ડ વધી



વટ સવિત્રીની પૂજા કરવા જતી સુરતી સુહાગનો પારંપરિક ગુજરાતી બાંધણી સાડી વધારે પસંદ કરે છે. ખાસ તો ગ્રીન અને મરૂન, રાણી પિંક કલર, ઓરેન્જ યેલો કલરની બાંધણી સાડી આ વખતે ડિમાન્ડમાં છે. આ સાડીની કિનારી પર ઝીણું જરી વર્ક અને ગોટા પટ્ટીની ડિઝાઇન ટ્રેન્ડિંગ છે. સાડી પર સિતારા વર્ક આધુનિક અને ફેસ્ટિવ લૂક આપે છે. લગ્ન બાદ જે પરિણીતાનું પહેલું જ વ્રત હોય તો તે વાળની સજાવટ માટે તાજા ફુલોનો જેમકે મોગરા, ગુલાબ ગજરો ઉપરાંત ગજરાનો બન પણ ટ્રેન્ડિંગ છે. જવેલરીની વાત કરીએ તો કુંદન અને પોલ્કી તથા મીનાકરી હાર, સાઉથ ઇન્ડિયન ટેમ્પલ જવેલરી અને એન્ટિક ફિનિશીંગ વાળી લેયર્ડ જેવલરી ટ્રેન્ડિંગમાં છે.

### સોસાયટીઓમાં સામૂહિક પૂજાનું વધતું ચલણ



શહેરીકરણ અને ઘરોની નજીકમાં વડના વૃક્ષોની સંખ્યા ઘટી હોવાથી હવે મહિલાઓ સોસાયટીના કોમન પ્લોટમાં ભેગી થઈ કુંડામાં વડનું નાનો રોપો હોય તેની પૂજા સામૂહિક રીતે કરતી હોય છે. આજની ભાગદોડ વાળી જિંદગીમાં લોકો એકબીજાને મળી નથી શકતા એટલે આવા પ્રસંગો પર એક જ જગ્યાએ ભેગી થઈ જાય એનાથી એકતાની ભાવના વધે છે. સોસાયટીના પ્રાંગણમાં જ પૂજાની અને પંડિતજીની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે

### હવે તો વૃક્ષારોપણ અભિયાન વેળા વડના રોપાનું રોપણ કરાય છે

વડના વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે એટલે શહેરમાં જ્યાં પણ વૃક્ષારોપણ થાય ત્યાં વડનો રોપો પણ લગાવવામાં આવે છે. વૃક્ષારોપણમાં વડના પ્લાન્ટ લગાવવા પણ લોકોને જાગૃત કરાય છે.